**JUDGMENT** **CC.NO.2989/2022**

GJSK040035762022

***Presented on : 01-12-2022***
***Registered on : 01-12-2022***
***Decided on : 10-07-2026***
***Duration : 3 years , 4 months,09 days***

**:: નમુના—અ ::**

**ઈડરના મહે. એડી. ચીફ.જયુડીશીયલ મેજીસ્ટેટશ્રીની ની કોર્ટ માં**
**મુકામ. સાબરકાંઠા ઈડર**
**શ્રી આર.જે. પરમાર**
**એડી. ચીફ. જયુડી. મેજીસ્ટ્રેટ ઈડર**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નં—** | ૨૯૮૯/૨૦૨૨ |
| **આંક—** | |
| **ચુકાદાની તારખ** | ૧૦/૦૪/૨૦૨૬ |

**:: ગુનાની વિગત::**

| | |
|---|---|
| **ગુનાની કલમ—** | **ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટન કલમ—૧૩૮ મુજબ** |
| **પ્રથમ માહિતી અહેવાલ નં—** | |
| **પોલીસ સ્ટેશન** | ——— |
| **ફરીયાદી** | **પઠાણ યુનુસભાઈ બાસુભાઈ**<br>ઉ.આ.વ.૩૮, ધંધો—વેપાર<br>રહે.ગંભીરપુરા,તા. ઈડર,જી.સાબરકાંઠા |
| **રજુઆત** | **વિ.વ. શ્રી પી.એ.ગુર્ઝર** |
| **આરોપી પક્ષે** | **અનવરશા મહંમદશા ફકીર**<br>રહે.ચાંદનગર,મહેલપાછળ,હિમતનગર,જી.સાબર કાંઠા |
| **રજુઆત** | **નથી.** |

**:: નમુનો –બ::**

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | –– |
| **પ્રથમ માહિતી અહેવાલની તારીખ** | –– |
| **આખરી અહેવાલની તારીખ** | –– |
| **તહોમતનામા/ પ્લીની તારીખ** | ૧૦/૦૨/૨૦૨૫ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | ૨૮/૦૩/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | ૦૪/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૦/૦૪/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ (લાગુ પડે તો )** | –– |

**:: આરોપીની વિગત ::**

| **આરોપી નુ અનુ** | **આરોપીનુ નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકિત તારીખ** | **તહોમત** | **શુ નિર્દોષ છોડય/ સજા કરી** | **કરવામાં આવેલ સજાકરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહિતાની કલમ –૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | **અનવરશા મહંમદશા ફકીર** | –– | –– | આરોપી ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ–૧૩૮ મુજબ | દોષિત | ૧ વર્ષની સાદી કેદ | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદ/બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી:–**

**(અ) ફરીયાદ પક્ષ:–**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સ. ૧ | ૦૪ | ફરીયાદી પઠાણ યુનુશભાઈ બાસુભાઈના ઓની સોગંદ ઉપર જુબાની | ફરીયાદી |

**બ.બચાવ પક્ષના સાક્ષી :–**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| બ.સ. | – | – | – |

**ક.કોર્ટના સાક્ષી:–**

| અનુક્રમ | આંક | નામ |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |

**ફરીયાદી /બચાવ/ન્યાયલયના આંકની યાદી:–**

**અ.ફરીયાદિ–**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક : ફ–૧૦/ફ.સ.૧ | ચેક |
| ૨. | આંક:ફ–૧૧/ફ.સ.૧ | રીર્ટન મેમો. |
| ૩. | આંક:ફ–૧૨/ફ.સ.૧ | નોટીસની સ્થળપ્રત |
| ૪. | આંક:ફ–૧૩/ફ.સ.૧ | પોસ્ટની સફેદપાતી |
| ૫. | આંક:ફ–૧૪/ફ.સ.૧ | પોસ્ટનુ કવર |

**(બ), બચાવ :–**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | -- | ----------- |

**(ક). ન્યાયાલય આંક :-**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧.આંક ન્યા-૧ /ન્યા.સ.૧ | - |

**(ડ). ભૌતિક પદાર્થ :-**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | - |
| ૨. | ભૌ.પ.૨ | - |

**- // ચુકાદો //-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી અને આરોપી ઘણા સમયથી એકબીજા પરીચયમાં હોઈ તેમની વચ્ચે મિત્રતા સબંધો હોઈ આરોપી અવાર નવાર કરીયાદીને ત્યાં આવતા જતા હોઇ આરોપી સાથે ઓળખાણ અને મિત્રતાના સંબંધો પ્રસ્થાપિત થયેલા. આરોપીએ આજથી ૬ માસ પહેલા માર્ચ-૨૦૨૨ માં આરોપીને ધંધાર્થે નાણાની જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસે ગયેલા અને રૂા. ૧,૫૦,૦૦૦/-ની હાથઉછીનાની રકમની માંગણી કરેલી અને ફરીયાદીને આરોપી સાથે મિત્રતાના સારા સંબંધો હોઈ આરોપીને રૂા.૧,૫૦,૦૦૦/- ૧ માસ માં પરત આપી દેવાની શરતે હાથઉછીના આપેલા. સદર રકમ વાયદા મુજબ ફરીયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને તા.૭/૯/૨૦૨૨ નારોજનો ધી સર્વોદય નાગરીક સહકારી બેંક લી.હિંમતનગર શાખાની ચેક નં.૦૨૮૭૬૭ નો રૂા.૧,૫૦,૦૦૦/- નો

આરોપીએ ફરીયાદીના નામનો ભરીને તેમા આરોપીએ સહી કરીને આરોપીએ ચેક આપેલ જે ચેક ફરીયાદીએ ફરીયાદીની ખાતાવાળી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ઈડર શાખા સમક્ષ રજૂ કરતા સદરહુ ચેક બેકના રીર્ટન મેમો થી " funds Insufficient " ના શેરા સહીત ડીસ ઓનર થઈને તા.૮/૯/૨૦૨૨ ના રોજ પરત ફરીયાદીને મળેલ અને ચેક ના નાણા ફરીયાદીને મળેલ હતા નહી.જેથી ફરીયાદી એ તેમના વકીલ શ્રી ધ્વારા તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ આરોપીને રજી. પો. એ.ડી થી નોટીસ મોકલાવેલ અને જે નોટીસનુ કવર 'ઇન કમ્પલેટ એડ્રેસ 'ના શેરા સાથે તા. ૨૭/૦૯/૨૦૨૨ નારોજ પરત કરેલ જે કવર ફરીયાદીને તા. ૨૯/૦૯/૨૦૨૨ નારોજ પરત મળેલ હતુ. આમ.,આરોપીએ સદર નોટીસની માંગણીનો કોઈ અમલ કરેલ નહી અને આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી.આજદીન સુધી કાનુની ચેતવણી નુ પાલન કરેલ નથી કે ચેક મુજબ ની ફરીયાદ ની લેણી રકમ ચુકવી આપેલ નથી કે ચેક ની કોઈ રકમ આરોપી એ ફરીયાદી ને વસુલ આપેલ નથી. આમ, આરોપી એ ફરીયાદ માં જણાવ્યા મુજબ ની રકમ ફરીયાદીને નહી ચુકવી આપતાં સદર ફરીયાદીએ આરોપી ની સામે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ -૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો અંગે હાલની ફરીયાદ તા.૦૪/૧૧ /૨૦૨૨ રોજ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને ધારાધોરણ મુજબ સમન્સ/નોટીસ બજતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા છે. ફિ.પ્રો.કો.કલમ-૨૦૭ મુજબ આરોપીને ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાની નકલો વિના મૂલ્યે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક-૦૯ થી પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપી એ ગુના-કબુલાતનો ઈન્કાર કરી કેસમાં બચાવ કરવાની માગણી કરેલ છે. જેથી કેસની ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે તથા આરોપી પક્ષ તરફે ઉપર કૌષ્ટકમાં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>જુબાની :-</u>**

(૪) આ કામે ફરીયાદી પઠાણ યુનુશભાઇ બાસુભાઇનાએ આંક-૦૪ થી સોગંદ પર લેખીત જુબાની રજુ કરેલ છે જેમાં તેમણે તેમની ફરીયાદ મુજબની

હકિકત જણાવેલ છે.ફરીયાદી તફરે આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં જે મંજુર થતાં આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>સી.આર.પી.સી. કલમ –૩૧૩ અન્વયેનું આરોપીનું વિશેષ નિવેદન :–</u>**

(૫) આ કામે ફરીયાદ પક્ષે આંક– ૧૬ થી એફ.એસ સમયે આરોપી હાજર ના હોઈ આરોપીનો એફ.એસનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં આરોપી હાજર ના હોઈ આરોપીનો એફ.એસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>દલીલો :–</u>**

(૬)આ કામે ફરીયાદી ના વિ. વકીલશ્રી તેમની ફરીયાદ મુજબની દલીલો કરેલ છે.

(૭) આ કામે ફરીયાદીએ આંક–૧૭ થી આરોપીનો દલીલનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં જે મંજુર થતાં આરોપીનો દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) ઉપરોકત હકિકતે આ કેસના નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે..

**<u>// મુદા//</u>**

1. Whether the Complaintant proves the ingrediants of offence under Section 138 of Negotiable Instruments Act, as per the Complaint ?
2. What Order ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>// નિર્ણયો//</u>**

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**(૧૦)** ઉપરોકત મુદ્દા સંદર્ભે મારા નિર્ણયો અનેતેના કારણો નીચે મુજબ છે.

**// <u>કારણો</u> //**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૧૧)** નામ સુપ્રિમ કોર્ટની Rangappa vs Sri Mohan on 7 May, 2010 ની ઓથોરીટી માનસર વંચાણે લીધી. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ચેક રીટન ના કેસમાં શું ધ્યાને લેવાનુ હોય છે તે વિષે જણાવેલ છે કે,

Ordinarily in cheque bouncing cases, what the courts have to consider is whether the ingredients of the offence enumerated in Section 138 of the Act have been met and if so, whether the accused was able to rebut the statutory presumption contemplated by Section 139 of the Act.

Krishna Janardhan Bhat v. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54, the operative observations from which are reproduced below (S.B. Sinha, J. at Paras. 29-32, 34 and 45):

"29. Section 138 of the Act has three ingredients viz.:

that there is a legally enforceable debt that the cheque was drawn from the account of bank for discharge in whole or in part of any debt or other liability which presupposes a legally enforceable debt; and that the cheque so issued had been returned due to insufficiency of funds.

**(૧૨)** નામ.સુપ્રિમ કોર્ટની Rangappa vs Sri Mohan on 7 May, 2010 ની ઓથોરીટી માનસર વંચાણે લીધી. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ એન.આઈ. એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાન વિષે ઠરાવેલ છે કે

**14.**In light of these extracts, <u>we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability.</u> To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since

it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant.

**Section 139** of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of `preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that

in some cases the accused may not need to adduce evidence of his/her own.

**15.**Coming back to the facts in the present case, we are in agreement with the High Court's view that the accused did not raise a probable defence. As noted earlier, the defence of the loss of a blank cheque was taken up belatedly and the accused had mentioned a different date in the `stop payment' instructions to his bank. Furthermore, the instructions to `stop payment' had not even mentioned that the cheque had been lost. A perusal of the trial record also shows that the accused appeared to be aware of the fact that the cheque was with the complainant. Furthermore, the very fact that the accused had failed to reply to the statutory notice under Section 138 of the Act leads to the inference that there was merit in the complainant's version. Apart from not raising a probable defence, the appellant-accused was not able to contest the existence of a legally enforceable debt or liability. The fact that the accused had made regular payments to the complainant in relation to the construction of his house does not preclude the possibility of the complainant having spent his own money for the same purpose. As per the record of the case, there was a slight discrepancy in the complainant's version, in so far as it was not clear whether the accused had asked for a hand loan to meet the construction-related expenses or whether the complainant had incurred the said expenditure over a period of time. Either way, the complaint discloses the prima facie existence of a legally enforceable debt or liability since the complainant has maintained that his money was used for the construction-expenses. Since the accused did admit that the signature on the cheque was his, the statutory presumption comes into play and the same has not been rebutted even with regard to the materials submitted by the complainant.

સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એન.આઈ.એકટની કલમ–૧૩૯ હેઠળની ધારણા અને સદર ધારણાનુ આરોપીએ ખંડન કરવા કેવો પુરાવો આપવો જોઈએ તે અંગે ના સિધ્ધાતો ધ્યાને લીધા.

**ચેક રીટર્ન મેમો, નોટીસની બજવણી તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૯ મુજબના અનુમાન વિષે.**

**(૧૩)** નામ. સુપ્રિમ કોર્ટ  Rohitbhai Jivanlal Patel V/S State Of Gujarat Air 2019 Supreme Court 1876  ના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે  જણાવેલ છેકે,

**17.**In the case at hand, even after purportedly drawing the presumption under Section 139 of the NI Act, the Trial Court proceeded to question the want of evidence on the part of the complainant as regards the source of funds for advancing loan to the accused and want of examination of relevant witnesses who allegedly extended him money for advancing it to the accused. This approach of the Trial Court had been at variance with the principles of presumption in law. After such presumption, the onus shifted to the accused and unless the accused had discharged the onus by bringing on record such facts and circumstances as to show the preponderance of probabilities tilting in his favour, any doubt on the complainant's case could not have been raised for want of evidence regarding the source of funds for advancing loan to the accused-appellant. The aspect relevant for consideration had been as to whether the accused-appellant has brought on record such facts/material/circumstances which could be of a reasonably probable defence.

**(૧૩.૧)**  નામ. સુપ્રિમ કોર્ટ ની K. Bhaskaran vs Sankaran Vaidhyan Balan And Anr on 29 September, 1999 ની ઓથોરીટી માનસર વંચાણે લીધી સદરહુ ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે જણાવેલ છેકે,

If a strict interpretation is given that the drawer should have actually received the notice for the period of 15 days to start running no matter

that the payee sent the notice on the correct address, a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by different strategies and he could escape-from the legal consequences of Section 138 of the Act. It must be borne in mind that Court should not adopt in interpretation which helps a dishonest evader and clips an honest payee as that would defeat the very legislative measure.

In Maxwell's `Interpretation of Statues' the learned author has emphasized that "provisions relating to giving of notice often receive liberal interpretation." (vide page 99 of the 12th edn.) The context envisaged in Section 138 of the Act invites a liberal interpretation for the person who has the statutory obligation to give notice because he is presumed to be the loser in the transaction and it is for his interest the very provision is made by the legislature. The words in clause (b) of the proviso to Section 138 of the Act show that payee has the statutory obligation to `make a demand' by giving notice. The thrust in the clause is on the need to `make a-demand'. It is only the mode for making such demand which the legislature has prescribed. A payee can send the notice for doing his part for giving the notice. Once it is despatched his part is over and the next depends on what the sendee does.

No doubt Section 138 of the Act does not require that the notice should be given only by `post'. Nonetheless the principle incorporated in Section 27 (quoted above) can profitably be imported in a case where the sender has despatched the notice by post with the correct address written on it. Then it can be deemed to have been served on the sendee unless he proves that it was not really served and that he was not responsible for such non-service. Any other interpretation can lead to a very tenuous position as the drawer of the cheque who is liable to pay the amount would resort to the strategy of subterfuge by successfully avoiding the notice.

Thus, when a notice is returned by the sendee as unclaimed such date would be the commencing date in reckoning the period of 15 days contemplated in clause (c) to the proviso of Section 138 of the Act. Of course such reckoning would be without prejudice to the right of the drawer of the cheque to show that he had no knowledge that the notice was brought to his address. In the present case the accused did not even attempt to discharge the burden to rebut the aforesaid presumption

**(૧૪)** આ કામે આંક–૧૦ નો ચેક ધ્યાને લેતા તેમાં નીચે મુજબની વિગતો છે.

કઈ બેંકનો છે.:–ધી સર્વોદય નાગરીક સહકારી બેંક લી. પોલો ગ્રાઉન્ડ હિમતનગર શાખાનો છે.

એકાઉન્ટ નંબર:–૧૦૦૧૦૦૫૦૨૦૨૦૪૪૧ નો છે.

ચેક નં.:– ૦૨૮૭૬૭ નો છે.

ચેક ની તારીખ:–૦૭/૦૯/૨૦૨૩ અંગ્રેજીમાં લખેલછે.

પેઈનુ નામ:– યુનુસભાઈ બાસુભાઈ પઠાણ ગુજરાતમાં લખેલ છે.

રકમ આંકડામાં:–રુ. ૧,૫૦,૦૦૦/– ગુજરાતીમાં લખેલછે.

રકમ શબ્દોમાં:ડોડ લાખ પુરા ગુજરાતીમાં લખેલ છે.

સહીમાં::– ANVARSHA MAHAMDSHA FAKIRPlease sign above

ઉપર નામ છાપેલ છે તેના ઉપર એ.એમ ફકીર ગુજરાતીમાં સહી કરેલી છે.

**(૧૫)** આ કામનુ ચેક રીટન મમો ધ્યાને લેતા ચેક તેમાં જણાવેલ તારીખથી The Negotiable Instruments Act,1881 ની કલમ–૧૩૮ ના પ્રોવાઈજો(અ) મુજબ ત્રણ મહિનાની અંદર તે બેંકમાં જમા કરવામાં આવેલ હોવાનુ જણાય છે.

**(૧૬)** આ કામે આંક–૧૧ નો ચેક રીટનમેમો ધ્યાને લેતા તેમાં નીચે મુજબની વિગત છે.

ચેક રીટન મેમો કઈ તારીખનો છે.:– તા.૦૮/૦૯/૨૦૨૨ ની છે.

તેમાં ચેક રીટર્ન થવાનુ કારણ શુ જણાવેલ છે:–"FUNDS INSUFFICIENT ”

એક રીકન મેમોમાં બેંકનો ખોફીસીયલ માર્ક:– બેંકનો સઉન્ડ સીકો તથા બેંક અધીકારીની સહી છે.

ચેક રીટન મેમા બાબતે બેંક સાહેદની તપાસ.:–નથી.

**(૧૬.૧) નામ. સુપ્રિમ કોર્ટે** M/S Laxmi Dyechem vs State Of Gujarat & Ors on 27 November, 2012 ના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે જણાવેલ છેકે,

**15.** The above line of decisions leaves no room for holding that the two contingencies envisaged under Section 138 of the Act must be interpreted strictly or literally. We find ourselves in respectful agreement with the decision in NEPC Micon Ltd. (supra) that the expression “amount of money …………. is insufficient” appearing in Section 138 of the Act is a genus and dishonour for reasons such “as account closed”, “payment stopped”, “referred to the drawer” are only species of that genus. Just as dishonour of a cheque on the ground that the account has been closed is a dishonour falling in the first contingency referred to in Section 138, so also dishonour on the ground that the “signatures do not match” or that the “image is not found”, which too implies that the specimen signatures do not match the signatures on the cheque would constitute a dishonour within the meaning of Section 138 of the Act.

જે ધ્યાને લેતા ચેક “as account closed”, “payment stopped”, “referred to the drawer” “signatures do not match” “image is not found” “account closes” જેવા કારણોથી થયેલ હોવાથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો ન બનતો હોવાનું જણાતુ નથી. તે બાબતે આરોપીએ યોગ્ય પુરાવાથી સાબિત કરવાનુ રહે કે ચેક તેમની કસુરના કારણે રીટન થયેલા નથી.

(૧૭) આ કામે ચેક ફંડ ઈનસફીસીયન્ટના શેરાથી પરત થયેલ હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આરોપીનો એવો કોઈ બચાવ નથી કે તેમના ખાતમાં પુરતું બેલેન્સ હોવા છતા બેંકે ચેક રીટર્ન કરેલ છે. જેથી ચેક રીટર્ન થવાનુ કારણ પણ પુરવાર થાય છે.આરોપીએ સ્વીકારેલ છે કે ચેક ફંડ ઈન્સફીશીયન્ટના કારણસર રીટર્ન થયેલ છે. જેથી ચેક રીટર્ન મેમો તેમજ તેમાં જણાવેલ ચેક રીટર્ન થવાનુ કારણ "ફંડ ઈન સફીશીયન્ટ" પુરવાર થાય છે. આ કામે આરોપી તરફ ચેક પર તેમની સહી ન હોવાનો કોઈ બચાવ લીધેલ નથી.

(૧૮) હાલના કેસમાં ફરીયાદીએ ચેક રીટર્ન થયા બાદ આંક–૧૨ મુજબની નોટીસ આરોપીને મોકલાવેલ છે. જે ધ્યાને લેતાં ચેક રીટર્ન થયાની ફરીયાદીને બેંક દવારા જાણ થતાં ફરીયાદીએ **The Negotiable Instruments Act, 1881** ની કલમ–૧૩૮ ના પ્રોવાઈઝો (બી) મુજબ દિન–૩૦ માં ચેક રીટન થયા બાબતની વિગતવારની નોટીસ આરોપીને મોકલાવેલ છે.જેની વિગતો ધ્યને લઈએ તો

નોટીસ તારીખ:– ૨૬/૦૯/૨૦૨૨ ની છે.

નોટીસમાં કોની સહી છે.:– ફરીયાદીના વકીલશ્રીની સહી છે

આ કામે નોટીસ અપુરતા સરનામાના કારણે પરત ફરેલ છે. આ કામે આરોપીએ નોટીસમાં જણાવેલ સરનામું તેમનુ સરનામુ નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી.નોટીસમાં ચાંદનગર મહેલપાછળ,હિમતનગર તેવુ સરનામુ લખેલ છે. જે સરનામુ તેમનુ નથી.તેવો આરોપી તરફે કોઇ બચાવ લેવામાં આવેલ નથી. આરોપીએ જે સરનામુ ફરીયાદીને આપેલ હોય તે સરનામે ફરીયાદી નોટીસ મોકલે. જેથી નોટીસ યોગ્ય સરનામે મોકલવામાં આવેલ હોવાનું જણાય છે.પોસ્ટ મેનેન આરોપી વિરુધ્ધ કોઈ અંગત દુશમાનાવટ કે દેષભાવ ન હોય. ફરીયાદીએ આરોપીને આપેલ નોટીસની ઓફીસ પ્રત ધ્યાને લેતાં તેમાં ચેકમાં જણાવેલ રકમ ફરીયાદ વાળા બનાવ પેટેની ફરીયાદીની કાયદેસરની લેણી રકમ હોવાનું જણાવેલ છે અને સદર રકમ દિન–૧૫ માં ચુકવી આપવા જણાવવામાં આવેલ છે. આમ, નોટીસની બજવણી આરોપીને

થયેલ છે. આરોપીએ The Negotiable Instruments Act, 1881 **ની કલમ-૧૩૮ ના પ્રોવાઈઝ (સી)** મુજબ તેમને નોટીસ મળેલ હોવા છતાં દિન–૧૫ માં નોટીસમાં જણાવે રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી. જેથી ત્યારબાદ ફરીયાદીએ The Negotiable Instruments Act, 1881 **ની કલમ–૧૪૨ (૧) (બી) મુજબ The Negotiable Instruments Act, 1881 ની કલમ–૧૩૮ ના પ્રોવાઈઝ (સી) મુજબ કોઝ ઓફ એકશન ઉત્તપન થયા બાદ એક મહિનાની અંદર તા.૦૪/૧૧/૨૦૨૨** ના રોજ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. ચેક પર આરોપીની સહી ન હોવાનો કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. તેમજ ચેક રીટનમેમા અંગે અગઉ ચર્ચા કરવામાં આવેલ છે. જે મુજબ ચેક રીટન મેમો પુરવાર થાય છે. તેમજ નોટીસની બજવણી અંગે અગઉ ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ નોટીસની બજવણી થયેલ છે. જેથી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાની ચુકવવા માટે આપેલ હોવાનુ અનુમાન થાય.

**(૧૯)**આ કામ નુ રોજકામ ધ્યાને લેતા આ કામે આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસકરવામાં આવેલ નથી. આરોપીનો ફરીયાદીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.આરોપીએ એફ.એસ. આપેલ નો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારબાદ ફરીયાદની દલીલ સાંભળવામાં આવેલ છે અને આરોપીનો દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી હાજર રહેલ નથી. જેથી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાની ચુકવવા માટે આપેલ હોવાનુ અનુમાનુ આરોપી તરફે ખંડન કરવામાં આવેલ નથી.

**(૨૦)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદની હકિકત મુજબ ચેકની રકમ **રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા )** આરોપી પાસે ફરીયાદીની કાયદેસરના લેણા પેટેની હતી, સદર ચેક ઈન સફીસયન્ટ ફંડના કરાણે રીટન થયેલ હોવાનુ અને તે બાદ ફરીયાદીએ સમયમાર્યાદામાં આરોપને નોટીસ આપેલાનુ અને નોટીસ આરોપીને મળી ગયા પછી ૧૫ દિવસમાં નોટીસનુ પાલન ન કરેલ હોવાનું જણાય છે અને

ફરયાદીએ સમયમાર્યાદમાં હાલની ફરીયાદ કરેલ હોવાનુ સાબિત થાય છે. તેમજ આરોપી તરફે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૯ મુજબનુ અનુમાન ખંડન કરવામાં ઉપરોકત કરેલ ચર્ચા મુજબ નિષ્ફળ નિવડેલ હોય. જેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે તેવુ પુરવાર થતુ હોય. વધુમાં સદર કામે આરોપીની પ્લી/જુબાની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ સાદા ફોર્મમાં નોંધવામાં આવેલ છે. તેમજ આ અદાલત તરફથી સદર કામનાં ફરીયાદીની સરતપાસની તમામ હકીકતો વિગતવાર નોંધવામાં આવેલ છે. જેથી, સદર કેસની સમગ્ર ટ્રાયલ ક્રિમીનલ પ્રોસીઝર કોડનાં પ્રકરણ–૨૦ મુજબ સમંસ ટ્રાયેલબની જોગવાઈઓ અનુસાર ચલાવવામાં આવેલ છે. જેથી, નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટની એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ અનુસાર આરોપી ને બે વર્ષ સુધીની સજા અને ચેકની રકમની બમણી રકમ સુધીનાં દંડની સજા થઈ શકે છે. આ કામે આરોપી સામે આર્થિક સ્વરૂપના ગુન્હાનો આરોપ હોય હાલના તબકકે આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ તથા પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૩,૪,૫,૬ની જોગવાઈનો લાભ આપવો પણ ન્યાયોચિત જણાતુ નથી. પરંતુ, આ કેસનાં તમામ સંજોગો તથા નામ. સુપ્રિમ કોર્ટે તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો અનુસાર નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટનાં કેસોનાં ફરીયાદી પણ ભોગ બનનાર ગણી શકાય અને તેઓને નાણાંની નુકશાની થયેલ હોય અને કેસ દરમ્યાન માનસિક ત્રાસ થયેલ હોય, તે બદલ આ પ્રકારનાં કેસનાં ફરીયાદીને પણ વળતર આપવુ જોઈએ તેમજ આવા પ્રકારના કેસ ચાલતા દરમ્યાન દિવાની દાવાની સમયમર્યાદા વીતી જતી હોય તે સંજોગોમાં ફરીયાદીને અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતાં, હાલનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેથી, આ કામનાં ફરીયાદી ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ચેકની રકમ જેટલુ વળતર આપવાનાં વ્યાજબી અને ન્યાયી કારણો જણાતા હોય, આગળની ચર્ચા અનુસાર મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામા આવે છે તેમજ આ કામે

કેસની કાર્યવાહી રેકર્ડ જોતા સદર કેસ ફોજદારી કાર્યરીતી સંહીતા ના પ્રકરણ – ૨૦ મુજબ સમન્સ કેસ પ્ર કારે ચાલેલ છે અને તે અંગે કલમ–૨૫૫ (૨) ની જોગવાઈ જોઈએ તો જ્યારે પુરાવાના આધારે આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે જો કલમ–૩૨૫ અને ૩૬૦ અનુસાર કાર્યવાહી કરવામાં ન આવે તો મેજીસ્ટ્રેટ આરોપીને સજા ફરમાવશે. વધુમા સદર કેસનુ રોજકામ ધ્યાને લેતા આરોપી છેલ્લા ઘણા સમયથી હાજર રહેલ નથી. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ પણ કરવામાં આવેલ નથી. આમ, આરોપી પક્ષનુ આવા પ્ર કારનુ વર્તન ધ્યાને લેતા આરોપી ઈરાદાપુર્વક હાજર રહેતા ન હોય કામ ઠરાવ પર બિનજરૂરી રીતે લંબાઈ જાય છે. જેથી આરોપી ઈરાદાપુર્વક ગેરહાજર રહેતા હોય જેથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચુકાદો અત્રેની અદાલત ધ્વારા જાહેર કરી શકાય કે કેમ ? તે સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ઈશ્વરભાઈ હીરાભાઈ ચુનારા વિ, સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન(કવોસીંગ) નં.૯૧૧૩/૨૦૧૬ હુકમ તારીખ ૨૭/૦૨/૨૦૧૭ ધ્યાને લેવો જરૂરી છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે આરોપીની ગેરહાજરીમાં આરોપી ને તકસીરવાન ઠરાવતો ચુકાદો જાહેર કરી શકાય છે, અને આરોપીને કલમ–૪૧૮(૨) અન્વયે સજા ભોગવવા માટે બીન જામીન લાયક વોરંટ ફોજદારી કાર્યરીતી સંહિતાની અન્વયે કાઢી શકાય તેમ છે. વધુમા અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો પણ જરૂરી જણાઈ છે કે આજરોજ સદર કામ ઠરાવ પર હોય આરોપી આજરોજ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી.આરોપી તરફે કોઈ મુકતી રીપોર્ટ પણ રજુ કરેલ ન હોય આમ, રેકર્ડ જોતા આરોપીને સદર કામની ઈન્સાફી કાર્યવાહીની જાણ છે તેમ છતા ઈરાદાપૂર્વક જતો રહેલ હોય અને હાજર રહેલ ન હોય તે સંજોગોમા કેસની કાર્યવાહી બિનજરૂરી રીતે લંબાઈ નહી જેથી આરોપીની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરેલ છે તે સંજોગ ધ્યાને લેતા તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ RAJESH PONNADA VS. SATYANARAYANA SRIRANGAM & ANR. Special Leave to Appeal (Crl.) No(s). 8935/2018 ના ચુકાદામાં નીચે મુજબનો સિધ્ધાત ઠરાવેલ છે.

"Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be read harmoniously with Section 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment." "Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be read harmoniously with Section 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment."

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા પણ સદર કામના આરોપીને તથા તેમના વિ.વ.શ્રીને આજરોજ સદર કામ ઠરાવ પર હોવાની જાણ હોવા છતા આરોપી ગેરહાજર રહેલ હોય અને તેમની હાજરી ડીસ્પેન્સ વીથ કરેલ ન હોય તે સંજોગોમા આરોપી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૬૩(૬) અનુસાર સદર ઠરાવની નકલ વિના મુલ્યે મેળવવા હકકદાર ઠરતા નથી. આમ, ઉપરોકત તમામ ચર્ચા અને રેકર્ડ પરના પુરાવાના આધારે જયારે મુદ્દા નં.૧ નો જવાબ **"હકારમાં"** આપેલ હોય ત્યારે કેસના ન્યાયનિરાકરણ અર્થે મુદ્દા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમા નિચે મુજબનો આખરી હુકમ કરવામા આવેલ છે.

**<u>આખરી હુકમ</u>**

**(૧)** આ કામના આરોપી **અનવરશા મહંમદશા ફકીર** રહે.ચાંદનગર, મહેલપાછળ,હિમતનગર,જી.સાબર કાંઠા નાઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબના ગુનામાં દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)**આરોપીએ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭ અન્વયે ફરીયાદીને ચેકની રકમ એટલે કે,**રૂ.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા )** વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ વળતરની રકમ હુકમની તારીખથી દિન–૩૦ માં આ અદાલત માં જમા કરાવવી. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો, આરોપીએ ૨ (બે) માસની સાદી કેદની સજા અલગથી ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

**(૩)** સદર ચુકાદો જાહેર કરી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ તે સમયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૧૮(૨) અન્વયે આરોપીને સજા ભોગવવા માટે જરૂરી વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આરોપી જેટલો સમય જયુડીશ્યલ કસ્ટડીમા રહેલ હોય તેટલો સમય આરોપી ને ઉપરોકત સજાના સમયમાથી મજરે આપવો.

ઉપરોકત હુકમ આજ તા.૧૦ મી, માહે એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬
ઈડર

(રોહિત જીવણભાઈ પરમાર)
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ઈડર
સાબરકાંઠા–ઈડર
(કોડ નં. જી.જે. ૦૧૦૦૩)

**SELF**